અપીલ અરજી નં.૨૫૦, તા.૧૫–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલાની તા.૭–૧૦–૧૦ ની અરજીથી (૧) સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનનાં કાર્ય.ઈજનેરની સુ.મ.પા. ની માલિકીની સદર ઓફિસમાં જોડા–ચંપલ પહેરીને પ્રવેશ કરવા માટે જે પ્રતિબંધ લગાવેલો છે તેનો અમલ મુલાકાતી તરીકે આવતા શહેરીજનોએ જ કરવાનો હોય છે યા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓએ જ કરવાનો હોય છે યા ચુંટાયેલા પ્રજાનાં પ્રતિનીધીઓએ જ કરવાનો હોય છે યા આ તમામ વ્યકિતઓએ કરવાનો હોય છે તે બાબતે વિગતવાર લેખિતમાં સ્પષ્ટતા કરશો. વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૫૦/૨૦૧૦–૧૧

શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલાની તા.૭–૧૦–૧૦ ની અરજીથી (૧) સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનનાં કાર્ય. ઈજનેરની સુ.મ.પા. ની માલિકીની સદર ઓફિસમાં જોડા–ચંપલ પહેરીને પ્રવેશ કરવા માટે જે પ્રતિબંધ લગાવેલો છે તેનો અમલ મુલાકાતી તરીકે આવતા શહેરીજનોએ જ કરવાનો હોય છે યા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓએ જ કરવાનો હોય છે યા ચુંટાયેલા પ્રજાનાં પ્રતિનીધીઓએ જ કરવાનો હોય છે યા આ તમામ વ્યકિતઓએ કરવાનો હોય છે તે બાબતે વિગતવાર લેખિતમાં સ્પષ્ટતા કરશો. વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનના પત્ર નં.સા.વે.ઝોન (અઠવા )/ આરટીઆઈ/ ૭૮૦ તા.૧૪–૧૦–૧૦થી આપેલ માહિતી અધુરી અને અસ્પષ્ટ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૭૪ તા.૨૪–૧૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯૯૭ તા.૨૭–૧૧–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૭૮૦ તા.૧૪–૧૦–૧૦ ના પત્રની નકલ, નોંધ વિભાગ, તથા માહિતી આપ્યા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે.

અરજદારની આઈ ડી નં.૨૯૯ તા.૭–૧૦–૧૦ ની અરજીથી અઠવાઝોનના કાર્યપાલક ઈજનેર શ્રીની ઓફિસરમાં મુલાકાતીઓને બુટ, ચંપલ પહેરીને પ્રવેશવા બાબતે પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે તથા બુટ ચંપલ પહેરીને પ્રવેશનારનું અપમાન કરવામાં આવે છે. જે અંગે મુદ્દા નં.૧ થી ૫ ના મુદ્દા ની માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૭૮૦ તા.૧૪–૧૪–૧૦ માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે માહિતી અધૂરી અને અસ્પષ્ટ હોય તેવું જણાવી તા.૧૫–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.૧ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનનાં કાર્ય. ઈજનેરની સુ.મ.પા. ની માલિકીની સદર ઓફિસમાં જોડા–ચંપલ પહેરીને પ્રવેશ કરવા માટે જે પ્રતિબંધ લગાવેલો છે તેનો અમલ મુલાકાતી તરીકે આવતા શહેરીજનોએ જ કરવાનો હોય છે યા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓએ જ કરવાનો હોય છે યા ચુંટાયેલા પ્રજાનાં પ્રતિનિધિઓએ જ કરવાનો હોય છે યા આ તમામ વ્યકિતઓએ કરવાનો હોય છે તે બાબતે વિગતવાર લેખિતમાં સ્પષ્ટતા કરશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સા.વે.અઠવાઝોન વિભાગમાં આવેલ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાં જોડા ચંપલ પહેરીને ન પ્રવેશવા અંગેની માહિતી અન્વયે સદર બાબત સ્વચ્છતાને ધ્યાને લઈ કાર્યપાલક ઈજનેર પોતે, મુલાકાતીઓ/શહેરીજનો સુરત મહાનગરપાલિકાના તમામ કર્મચારીઓ તથા ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓ સને ૨૦૦૬ થી ઓફિસ શરૂ થયાના સમયથી સ્વેચ્છાએ અમલ કરે છે. " તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં સ્વેચ્છાએ અમલ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે તે હકીકત ખરી નથી કારણકે ત્યાં સ્વેચ્છાએ અમલ બાબતનું બોર્ડ લગાડેલ નથી તથા કાર્યપાલક ઈજનેરની કચેરીમાં જોડા ચંપલ પહેરીને પ્રવેશવાથી સ્વચ્છતા જળવાતી નથી તે હકીકત ખોટી છે. જે અંગે અરજદારે કાર્યપાલક ઈજનેરની ઓફિસ જેવી સ્વચ્છતા અન્ય અધિકારી/કર્મચારીની ઓફિસરમાં પણ હોવાનો દાવો કરેલ છે. વધુમાં સ્વચ્છતા ન જળવાતી હોય તો ઝોનની પ્રીમાઈસીસમાં જોડા ચંપલ પહેરી પ્રવેશવા અંગે પ્રતિબંધ લગાવવાની જરૂર છે. તેવું સૂચન પણ કરેલ છે. અઠવાઝોનના કાર્યપાલક ઈજનેર જેવા પ્રતિબંધ અન્ય ઝોનમાં કાર્યપાલક ઈજનેરની કચેરીએ પ્રવેશવા ઉપર લગાડેલો નથી તે રદ કરવાની જરૂર છે તેવી

રજૂઆત કરેલ છે. અરજદારને મુદ્દા નં.૧ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે અરજદારે અપીલ તબકકે પ્રતિબંધ રદ કરવા અંગેની કાર્યવાહીને લગતી રજૂઆત અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવાની રહે છે. મુદ્દા નં.૨ સુરત મહાનગરપાલિકાના બિરાજમાન ઉચ્ચ અધિકારીઓ, કમિ.શ્રી, ડે. કમિ.શ્રી વિગરે ઉચ્ચ અધિકારીઓની ઓફિસમાં મુલાકાતીઓ મુલાકાત લેવા જય છે ત્યારે ત્યાં પણ બુટ ચંપલ પહેરીને પ્રવેશ કરવા બાબત પ્રતિબંધ નથી તો કાર્યપાલક ઈજનેરની ઓફિસરમાં બુટ ચંપલ પહેરીને પ્રવેશવા માટે શા માટે પ્રતિબંધ લગાડવામાં આવેલ છે તે બાબતે વિગતવાર લેખિતમાં સ્પષ્ટતા કરશો. આ બાબતે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. મુદ્દા નં.૩ સા.વે.ઝોન (અઠવા) ના કાર્યપાલક ઈજનેર તેઓને સુરત મહાનગરપાલિકાના અન્ય અધિકારીઓ જેવાકે, ડે.કમિશ્નરો, કમિશ્નરશ્રી વિગેરે અધિકારીઓથી પણ ઉચ્ચ દરજજાના સમજે છે કે કેમ? તે બાબતે લેખિતમાં સ્પષ્ટતા કરશો. આ બાબતે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. મુદ્દા નં.૪ સા.વે.ઝોન (અઠવા) ના કાર્યપાલક ઈજનેર સદર ઓફિસરને કોઈ ધાર્મિક સ્થળ સમજે છે કે કેમ? જો તેવું હોય તો તેમ કરવા બાબતની તેઓની સત્તા છે કે કેમ? તે બાબતે વિગતવાર લેખિતમાં ખુલાસો કરશો. આ બાબતે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. મુદ્દા નં.૫ સા.વે.ઝોન(અઠવા) ના કાર્યપાલક ઈજનેર ની સુરત મહાનગરપાલિકાની માલીકીની સદર ઓફિસરમાં જોડા ચંપલ પહેરીને પ્રવેશ કરવા માટે જે પ્રતિબંધ લાગવેલ છે તે પ્રતિબંધ કયા અધિકારીની સત્તાથી લગાડવવામાં આવેલ છે તથા તેઓ અમલ કયા વર્ષના કયા મહીનાથી કઈ તારીખથી શરૂ કરેલ છે તથા જે તે અધિકારીએ આવો વિશેષ અમલ કરવાની સત્તા છે કે કેમ? તે બાબતે વિગતવાર લેખિતમાં ખુલાસો કરશો. તથા અરજદારે અપીલના મુદ્દામાં ૫(અ) માં જોડા ચંપલ પહેરીને પ્રવેશ કરવા માટે તે કયા અધિકારીની સત્તાથી લગાડવામાં આવેલ છે .તેવા પ્રશ્ન બાબતે કાર્યપાલક ઈજનેરની સત્તાથી લગાવેલ છે તેવું જણાવેલ છે. તે અધિકારીને આવો વિશેષ અમલ કરવાની સત્તા છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ માહિતી આપેલ જણાતી નથી. તેનો અમલ કયા વર્ષથી કયા મહીના અને કઈ તારીખથી શરૂ કરેલ છે જે બાબતે અઠવાઝોનની ઝોન ઓફિસ ૨૦૦૬ થી શરૂ થયાના સમયથી લગાવવામાં આવેલ છે તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં.૫(બ) માં અરજદારે તારીખ અને મહીના બાબતે કોઈ સ્પષ્ટતા કરેલ નથી તેવું જણાવેલ છે. અરજદારે અધૂરી અને અસ્પષ્ટ માહિતી આપેલ હોવાનું જણાવી તેઓ વિરુધ્ધ કાયદાકીય કાર્યવાહી કરવાનું જણાવેલ છે. અરજદારે મુદ્દા નં.૨ થી ૩ અને ૪ અંશતઃ માં પોતાના મંતવ્યો રજૂ કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. આમ જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૪ અને ૫ ની અધિકારીને તેવી સત્તા છે કે કેમ? તથા મુદ્દા નં.૫ માં અમલ કર્યા અંગેની તારીખ અને માસની વિગતો પૂરી પડાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૧૦–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારીએ નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૪ અને ૫ ની અધિકારીને તેવી સત્તા છે કે કેમ? તથા મુદ્દા નં.૫ માં અમલ કર્યા અંગેની તારીખ અને માસની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને જણાવવામાં આવે છે. પ્રવેશ બાબતોના પ્રતિબંધ રદ કરવા અંગે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ કાયદાકીય કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલા